




સંતભગવંત સાહેબજી દ્વારા આરાર્તિક્યં



સંતભગવંત સાહેબજીને સંતો-અક્ષરમુક્તો વતી ભાવાર્પણમ્



સાધુ પૂ. વાસુદાસજી અને પૂ. રમેશદાસજી દ્વારા પુષ્પહાર અર્પણમ્



'ભગવદ્ પરામૃત'નાં મુક્તાર્પણમ્

પ્રગટ આનંદની મંગલમૂર્તિ, માહાત્મ્યસમ્રાટ, નવયુગના ઘડનાર, યોગીવારસદાર

# સંતભગવંત સાહેબજીને પ્રાગટ્યપર્વે હૃદયભાવપૂર્ણ વંદના !

અનુપમ મિશનના સંતો અને અક્ષરમુક્તોના જીવનપ્રાણ, ગુરુદેવ યોગીજી મહારાજના કલ્યાણકાર્યના ભાગીદાર, મહિમા અને વાત્સલ્યના મૂર્તિમાન સ્વરૂપ **સંતભગવંત સાહેબજીના** ૮૨મા મંગલ પ્રાગટ્યની ઉજવણી બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે અત્યંત ભક્તિભાવથી સંપન્ન થઈ.

સંતભગવંત સાહેબજીના તારીખ મુજબના પ્રાગટ્યદિન-૨૩ માર્ચની મંગલ પ્રભાતે 'પારમિતા' સભાખંડમાં મંગલા આરતી બાદ સદ્‌ગુરુ સંત પ.પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ પાઠવ્યા તેમજ સદ્‌ગુરુ સંત પ.પૂ. શાંતિદાદાએ મંદિરજીમાં શ્રી ઠાકોરજીની શણગાર આરતી અર્પણ કરી. રાજભોગ આરતી અર્પણ કરવા સ્વયં સંતભગવંત સાહેબજી પધાર્યા અને સંતો-ભક્તોને વિશિષ્ટ સ્મૃતિ આપી. 'અક્ષરમહોલ'માં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી, સૌ સંતો અને અક્ષરમુક્તોની સુખાકારી માટે શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરાવી, પ્રાર્થનાઓ કરી.

સાહેબજીના મંગલ પ્રાગટ્યની ઉજવણી રાત્રિસભામાં વિશિષ્ટ કીર્તનભક્તિ સાથે કરવામાં આવી. આ પ્રસંગે અનુપમ સૂરવૃંદના સંતો અને યુવાનોએ સંતભગવંત સાહેબજીના માહાત્મ્યને પ્રગટ કરતાં અદ્‌ભુત કીર્તનોનાં ગાન કર્યાં. ડિજિટલ માધ્યમ દ્વારા આ ભક્તિઅર્ઘ્યને દશ્ય અને શ્રાવ્ય સ્વરૂપે દેશ-પરદેશના અગણિત અક્ષરમુક્તોએ માણ્યા. સદ્‌ગુરુ સંત પ.પૂ. શાંતિદાદાએ આશીર્વાદ પ્રદાન કર્યા અને ભગવાનના પ્રગટ સ્વરૂપ એવા સત્પુરુષને ઓળખી જીવન સમર્પિત કરવાનાં માર્ગદર્શન આપ્યાં. સંતભગવંત સાહેબજીએ પણ સૌ ભક્તોની ભક્તિને બિરદાવીને જીવનમાં ઉપાસના સુદઢ કરવા આશીર્વાદ વરસાવી બળ પૂર્યાં.





માહાત્મ્યગાન દ્વારા વંદનમ્



સંતભગવંત સાહેબજી આશીર્દાનમ્



મંચસજ્જા દર્શનમ્



શ્રી ઠાકોરજી મંગલ દર્શનમ્



સંતભગવંત પરમ પૂજ્ય સાહેબજી દિવ્ય મનોહર દર્શનમ્



શ્રી ઠાકોરજીને પ્રાર્થનાપૂર્વક વંદનમ્

ધુળેટીના મહામંગલકારી દિવસે – ૨૯ માર્ચ ૨૦૨૧ના રોજ સંતભગવંત સાહેબજીના તિથિ મુજબના ૮૨મા પ્રાગટ્યપર્વના દિવ્ય આનંદને માણવામાં આવ્યો. આ પ્રસંગે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીને તોરણ, ધજા, રોશની અને પુષ્પસજ્જા દ્વારા શણગારવામાં આવી. નૂતન મંદિરે શ્રી ઠાકોરજીના શણગાર પણ અલૌકિક દર્શન સુખી આપી રહ્યા હતા. મંગળા આરતીમાં સૌ સંતોએ એકત્ર થઈ, પ્રભુચરણે પોતાના ગુરુહરિના નિરામય અને દીર્ઘ આયુષ્ય માટે ગદ્ગદભાવે પ્રાર્થનાઓ કરી જપયજ્ઞ રૂપી ભક્તિ અદા કરી. રાજભોગ આરતીમાં સ્વયં સંતભગવંત સાહેબજીએ પધારી શ્રી ઠાકોરજી મહારાજ, ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ, અને ગુરુદેવ યોગીજી મહારાજને આરતી અર્પણ કરી હૃદયભાવના વ્યક્ત કરી. ‘અક્ષરમહોલ’માં શ્રી ઠાકોરજી સમક્ષ બિરાજી, સૌની આત્મિક સુખાકારી માટે પ્રાર્થનાઓ કરી. આ પ્રસંગે ઉપસ્થિત સંતો અને અક્ષરમુક્તોના ભાવ ગ્રહણ કરી સૌને કૃતાર્થ કર્યાં.

આ મહામંગલકારી પર્વે યોજિત ઑનલાઈન રાત્રિ માહાત્મ્યદર્શન સભામાં સદ્ગુરુ સંત પૂ. મનોજદાસજીએ સ્વયં રચિત ‘સંતભગવંત શ્રી સાહેબજી સ્તુતિ–મહિમા સ્તોત્ર’નાં ગાન કર્યાં અને વળી, તેની મહિમાપૂર્ણ સમજણ આપી સંતભગવંત સાહેબજીના અકલ્પ્ય સ્વરૂપને વર્ણવ્યું.

ત્યારબાદ સદ્ગુરુ સંત પ.પૂ. અશ્વિનદાદા અને સદ્ગુરુ સંત પ.પૂ. શાંતિદાદાએ આશીર્વાદ પ્રદાન કરી સંતભગવંત સાહેબજીના દિવ્ય અને અલૌકિક મહિમાનું વર્ણન કર્યું. માનવદેહધારી પ્રગટ ગુરુહરિ એ ભક્તને માટે પ્રભુ પામવાની જીવાદોરી છે, તેમ સમજાવી સાહેબજી રૂપી સત્પુરુષના મહિમાનો અપૂર્વ વિસ્તાર કર્યો. આ દરમિયાન યોગઋષિ પૂજ્ય રામદેવજી મહારાજે ફૉન દ્વારા સંતભગવંત સાહેબજીને પ્રાગટ્યદિને શુભેચ્છાઓ પાઠવી અને સભામાં જોડાયેલ સૌ સંતો – અક્ષરમુક્તોને શુભાશિષ પાઠવી સાહેબદાદાના અનન્ય મહિમાની વાતો કરી.

સાહેબજી દ્વારા નિત્ય પ્રત્યે જે આશીર્વાણી પ્રગટ થાય છે તેનાં ઑડિયો રૅકોર્ડિંગમાંથી તૈયાર કરાયેલ ટચૂકડી પરંતુ અધ્યાત્મલક્ષી ઑડિયો ક્લિપ ભક્તોના લાભાર્થે સંતો દ્વારા પ્રતિદિન મોકલવામાં આવે છે; જે આ પ્રસંગે નવા સ્વરૂપે 'સાહેબજીમાં બોલે શ્રી હરિ રે...' રૂપે પ્રકાશિત કરવામાં આવી. વળી, ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા ઉદ્બોધિત વચનામૃતો પૈકી કેટલાંક ચૂંટેલાં વચનામૃતોને સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતોની બ્રહ્મધ્વનિમાં રૅકોર્ડ કરી સૌ અધ્યાત્મપિપાસુ અક્ષરમુક્તોના લાભાર્થે 'ભગવદ્ પરામૃત' સ્વરૂપે પ્રકાશિત કરી અનુપમ મિશનના ઑડિયો પ્રકાશન વિભાગના સેવકોએ સુંદર ભેટ પ્રદાન કરી.

આ પ્રસંગે સંતભગવંત સાહેબજીએ સૌ પર રૂડા આશીર્વાદની વર્ષા કરી. દેશ–પરદેશમાં વસતા અનેક અક્ષરમુક્તોએ આ મંગલકારી દિને વિશેષ સેવાર્પણ કર્યાં તથા સમર્પણ ધર્યાં, તે સૌ પર સંતભગવંત સાહેબજીએ અંતરની પ્રસન્નતા વરસાવી. સૌમાં નિર્દોષબુદ્ધિ રાખી ભગવાનનું કાર્ય કરવા સંપ, સુહૃદભાવ અને એકતા જાળવી, હળીમળીને એકમના થઈને પ્રભુપ્રીત્યર્થે ગુરુમુખી જીવન જીવવા બળ અને માર્ગદર્શન પ્રદાન કર્યાં.

૩૦ માર્ચના રોજ યોજિત ઑનલાઈન સભામાં સંતભગવંત સાહેબજીના ૮૨મા પ્રાગટ્ય અવસર નિમિત્તે સદ્ગુરુ સંતો પ.પૂ. અરુણદાદા, પ.પૂ. હર્ષદદાદા, પ.પૂ. રતિકાકાએ પ્રાસંગિક માહાત્મ્યગાન કર્યાં તથા સ્વાનુભવનાં વર્ણન કરી સાહેબજીની ગુણાતીત અવસ્થાનાં દર્શન કરાવ્યાં. આ પ્રસંગે દિલ્હીથી ગુરુજી–પ.પૂ. મુકુંદજીવન સ્વામીજીના પણ વિડિયો આશીર્વાદ પ્રાપ્ત થયા. તેઓએ ‘સાહેબજી–યોગીના વારસદાર’ એ ભાવનાને વ્યક્ત કરી સૌને સુદૃઢ કરાવી. ◆